માણસ પોતાના સુખોનું જરાય સ્મરણ વિવરણ કરતો નથી અને દુઃખની યાદી કાયમ કંઠસ્થ રાખે છે
- ઇટાલીયન કહેવત

આપણું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૩૪ | ૨૪ જુલાઇ, ૨૦૧૪, ગુરૂવાર; અષાઢ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

**● પ્લાસ્ટિકના તિરંગાઓના વેચાણ પર પ્રતિબંધ લાગશે**

પ્લાસ્ટિકથી બનેલા રાષ્ટ્રધ્વજના વેચાણ પર ટુંક



સમયમાં જ રોક લાગશે. આ વખતે સ્વાતંત્ર્ય દિવસ પર પ્લાસ્ટિકના ધ્વજનું વેચાણ પણ નહી થઈ શકે. ગૃહ મંત્રાલયે રાજ્યોને આ સંદર્ભમાં નિર્દેશો જારી કર્યા છે. ગત થોડા સમયથી પ્લાસ્ટિકના ધ્વજ બહુ પ્રચલિત થયા છે. પણ સમારોહ બાદ તે જ્યાં ત્યાં વેરવિખેર પડ્યા રહેતા હોય છે. જેથી તેનું અપમાન થતુ હોય છે. આ કારણોસર ગૃહ મંત્રાલયે તેમના વેચાણ પર પ્રતિબંધ લાદવાનો આદેશ જારી કર્યો છે.

**● વિશ્વમાં ત્રણ બાળ લગ્ન પૈકી એક ભારતમાં થાય છે : રિપોર્ટ**

સંયુક્ત રાષ્ટ્રના નવા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારત વિશ્વમાં બાળ લગ્નના મામલામાં સૌથી વધુ બાળ લગ્ન ધરાવનાર છઠ્ઠા દેશ તરીકે છે. વિશ્વમાં જે બાળ લગ્ન થાય છે તે પૈકીના ભારતમાં બાળલગ્નનું પ્રમાણ વધારે છે. વિશ્વમાં ત્રણ બાળ લગ્ન પૈકી એક ભારતમાં થાય છે.

# જિલ્લામાં ૧૪૩૩૨ કુપોષિત બાળકો

ગાંધીનગર, તા.૨૩

ગુજરાતમાં કુપોષણની સમસ્યા સરકાર માટે શિરદર્દ બનતી જાય છે. માત્ર ગાંધીનગર જિલ્લામાં જ ૧૪,૩૩૨ બાળકો કૂપોષણથી પિડાય છે. છેલ્લા બે વર્ષથી વિધાનસભામાં અને વિધાનસભાની બહાર ચર્ચાતી આ સમસ્યા રાષ્ટ્રીય સ્તર પર પણ સ્થાન પ્રાપ્ત કરી ચૂકી છે. પરંતુ હજુ કોઈ નક્કર સુધારો નોંધાયો હોય એવું સરકાર દફતરે બોલતું નથી. વિધાનસભામાં બુધવારે કુપોષિત બાળકોની ગાંધીનગર જિલ્લાની સંખ્યા બાબતે પૂછાયેલા પ્રશ્નએ ભારે ઉત્તેજના ઉભી કરી હતી.

કોંગીના ધારાસભ્યશ્રી અમીત ચૌધરીએ ગાંધીનગર જિલ્લાના કુપોષિત બાળકો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહિલા બાળકલ્યાણ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં ૧૪,૩૩૨ બાળકો કૂપોષણથી પિડાઈ રહ્યા છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૫૪૯૪, દહેગામમાં ૩૨૬૩, કલોલમાં ૪૧૭૭ અને માણસામાં ૧૩૯૮ બાળકોનો સમાવેશ થાય છે.

તેમણે આ અંગેના ઉત્તરમાં જણાવ્યું છે કે જિલ્લામાં ઓછા વજનવાળા બાળકોની સંખ્યા ૧૨,૯૫૮ છે જ્યારે અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા ૧૩૭૪ છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૪૯૮૯, દહેગામમાં ૨૯૪૯, કલોલમાં ૩૭૦૪, માણસામાં ૧૩૧૬ બાળકોનો સમાવેશ થાય છે. જ્યારે અતિ ઓછા વજનવાળા જે બાળકો નોંધાયા છે તેમાં ગાંધીનગરમાં ૫૭૫, દહેગામમાં ૩૧૪, કલોલમાં ૪૭૩ અને માણસામાં ૮૨ બાળકો નોંધાયા છે.

આ બાળકોને કુપોષણથી મુક્તિ માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ અભિયાન ચાલી રહ્યા છે. જેમાં ફળ તેમજ પ્રિમિક્ષ જુદા જુદા આપવામાં આવી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં આ બાળકોને કુપોષણથી મુક્ત કરવા માટે સરકારે એક કરોડ, ચોરાણુ લાખ, બેતાલીસ હજાર ત્યાંસી રૂ.નો ખર્ચ કરેલ છે.

# અષાઢી મેઘના અંબર ગાજયા પણ વરસ્યા નહીં

## ચાર દિવસના વિરામ બાદ મોડી સાંજે રીમઝીમ વરસાદ

## આગામી ૭૨ કલાકમાં ભારે વરસાદની આગાહી : હવાનું હળવું દબાણ ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધ્યું

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં મેઘરાજાના મૂડી મિજાજે સૌને અકળાવી દીધા છે. વાદળિયા વાતાવરણ વચ્ચે અલપ ઝલપ છાંટણા વરસાવી જતા મેઘરાજા મન મૂકીને ન વરસતા મેઘો સાંબેલાધાર વરસે તેની કાગડોળે વાટ નિહાળવામાં આવી રહી છે. બુધવારે મોડી સાંજે આકાશમાં અંગડાઈ લેતા વાદળો ગર્જના કરી રીમઝીમ વરસ્યા છતાં અષાઢી મેઘના અંબર ગાજયા પણ મન મૂકીને વરસ્યા ન હતા.

મેઘરાજા મોંઘેરા બનતા આ વખતે હજુ ચોમાસાની ઋતુ નિખરી નથી. ચાર દિવસ પૂર્વે થયેલા હળવા વરસાદના અંતે જિલ્લામાં વધુ નોંધપાત્ર વરસાદ થયો નથી. વરસાદે માત્ર જાણે હાજરી પુરાવાનું જ કામ કર્યું છે. નહીંવત વરસાદ ખેડૂતો માટે પણ ચિંતાનો વિષય બની ગયો છે ત્યારે રીસાયેલા મેઘરાજાને મનાવવા અત્યાર સુધી ધાર્મિક સ્થાનો પર પૂજા અર્ચના અને યજ્ઞનું આયોજન કરી વરૂણ દેવની કૃપા દૃષ્ટિ મેળવવાના પ્રયાસો પણ થઈ ચુકયા છે. આજે સવાર થી જ આકાશમાં ઘેરાયેલા ઘનઘોર વાદળો મન મુકીને વરસી પડશે તેવી આશા બંધાઈ હતી પરંતુ ઉપરના વાદળિયા વાતાવરણ વચ્ચે સતત તડકી-છાંયડીનો માહોલ સર્જાતા વાદળો વિખેરાઈ ગયા હતા. જયારે મોડી સાંજે અસહ્ય ઉકળાટ દરમિયાન રીમઝમ વરસાદ થયો હતો. જો કે મેઘરાજા મન મુકીને વરસ્યા ન હતા. રીમઝીમ વરસાદથી વાતાવરણમાં અંશતઃ ઠંડક પ્રસરી હતી.

દરમિયાન પશ્ચિમ મધ્ય પ્રદેશ તથા તેની આસપાસના વિસ્તારમાં સર્જાયેલું હવાનું હળવું દબાણ હવે ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધતા આગામી ૭૨ કલાક સુધી ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્રમાં ભારે વરસાદ બાદ હવાનું આ હળવું દબાણ નબળું પડશે તેમ હવામાન વિભાગની યાદી જણાવે છે.

મધ્યપ્રદેશ ઉપર સર્જાયેલું ડિપ્રેશન આજે બપોર ૨:૩૦ કલાકે ઉત્તર પશ્ચિમ તરફ સરકતા રાજ્યના

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)



(તસવીર : કશ્યપ નિમાવત)

સાબરમતી કોરી ધાકોર - રાજસ્થાનમાં ધોધમાર વરસાદ પડે તો સાબરમતી છલકાય... ગુજરાતની મોટાભાગની નદીઓ ગુજરાતના વરસાદ આધારિત નથી... પાડોશી રાજ્યોમાં વરસાદ પડે ત્યારે જ તાપી, નર્મદા કે મહી છલકાય છે... સાબરમતી નદી આમેય વરસોથી કોરીધાકોર રહે છે... વર્ષમાં એકાદ વાર ધરોઈ બંધમાંથી પાણી છોડવામાં આવે તો સાબરમતી બે કાંઠે થાય... અને સાબરમતી નદી પર વરસોડા પાસે વાસણા બેરેજ જેવા અનેક નાના-નાના બંધોને કારણે પાટનગરના પાદરે તો સાબરમતીને બે કાંઠે વહેતી જોવાનો લ્હાવો ક્યારેક જ જોવા મળે છે...

# જિલ્લાની ૬૦ શાળામાં બાયોમેટ્રીક હાજરી પ્રથા

## જિલ્લા શિક્ષણ સમિતિની મળેલ બેઠકમાં લેવાયેલો મહત્વનો નિર્ણય : એસએમસીનું કદ પણ વિસ્તારાયુ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાની ૬૦ જેટલી શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી હવે બાયોમેટ્રીક પદ્ધતિથી પુરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી ગાંભુસિંહની અધ્યક્ષતામાં આજે મળેલ બેઠકમાં જિલ્લા શિક્ષણ વ્યવસ્થાના મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે.

આજે મળેલ બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ જિલ્લાની ૬૦ પ્રા. શાળાઓ કે જ્યાં ઈ.લર્નિંગ પ્રોજેક્ટ અમલી બનવાનો છે ત્યાં પ્રથમ બાયોમેટ્રીક હાજરી પ્રથા અમલી બનશે.

આ બેઠકમાં જ ઈ.લર્નિંગ પ્રોજેક્ટનું તબક્કાવાર અમલીકરણ કરવામાં આવે તે માટેની પણ આવી વ્યુહરચના તૈયાર કરી દેવામાં આવી છે. જેમાં પ્રથમ તબક્કામાં આ શાળાઓને એલસીડી ટીવી અને હાર્ડવેર પુરા પાડવામાં આવશે.

આ શાળાના આચાર્યોને મોનીટરીંગ, રિપોર્ટીંગ તેમજ મૂલ્યાંકન કામગીરી માટે લેપટોપની સુવિધા આપવામાં આવશે. ઈ.લર્નિંગ પ્રથા માટે વર્ચ્યુલ કલાસ પણ ઉભા કરવાનું આયોજન છે.

જિલ્લાની શાળાઓમાં ચાલતા સ્વચ્છતા અભિયાન પ્રોજેક્ટના સઘન અમલીકરણ માટે બાળકોમાં આ અભિગમ પ્રત્યે રૂચિ વધે તેવા કાર્યક્રમોનું આયોજન કરવા જણાવાયું છે. આ ઉપરાંત આ કાર્યક્રમોમાં જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યોને પણ હાજર રહેવા માટે નિમંત્રણ મોકલવા જણાવાયું છે.

આજની શિક્ષણ સમિતિએ એક મહત્વનો નિર્ણય એ પણ કર્યો છે કે શાળા મેનેજમેન્ટ કમિટીનું કદ વિસ્તર્યુ છે જેમાં ગ્રામ પંચાયતના સરપંચ, જિલ્લા તાલુકા પંચાયતના સદસ્યો તેમજ પંચાયતના એક અનુ.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૧૦૦ દિવસમાં ૬ હજાર શૌચાલયો બનાવાશે

ગાંધીનગર, તા.૨૩

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ અનેક -કારના લોકઅભિયાનો ચાલવ્યા હતા. તે પૈકી સ્વચ્છતા અભિયાનને લોકજન્ય બનાવી દરેક વ્યક્તિ સ્વસ્થ રહે, સ્વાવલંબી બને અને પોતાના ગામ કે નગરમાં પણ સ્વચ્છતા, આરોગ્ય જેવી સામાજિક કામગીરીમાં સક્રિય બને તે માટે તેઓ આગ્રહ રાખતા.

વર્ષ- ૨૦૧૯માં ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી આવી રહી છે, તેના નિમિત્તે સરકારે પણ સ્વચ્છતા માટેના આંદોલનને વ્યાપક સ્વરૂપ આપી અમલમાં મુકવાનો નિર્ધાર કર્યો છે. ગાંધીવિચારને બળવત્તર બનાવવા શહેરી વિકાસ વિભાગ તેમજ ગ્રામ પંચાયત અને ગ્રામવિકાસ વિભાગ દ્વારા મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે. તમામ શહેરો, નગરો અને ગામોની સ્વચ્છતાના વિવિધ પાસાંઓને આવરી લઈ, વર્ષ- ૨૦૧૪-૧૫ થી ૨૦૧૮-૧૯ સુધી પાંચ વર્ષ માટે તબક્કાવાર સ્વચ્છતા અભિયાન હાથ ધરવાનો નિર્ધાર કર્યો છે.

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન કાર્યક્રમને વધુ વેગમાન બનાવવા માટે તેને ગતિશીલ ગુજરાત ૧૦૦ દિવસ કાર્યક્રમમાં વિશિષ્ટ રીતે આવરી લેવામાં આવ્યો છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાનના માર્ગદર્શન હેઠળ આ મિશન અંતર્ગત જિલ્લામાં અનેક શૌચાલય બનાવવાનું સુચારું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મનરેગા અને એનબીએ યોજના અંતર્ગત કન્વર્ઝન્સ હેઠળ ૧૫૦૦૦ વ્યક્તિગત શૌચાલયની વધારાની મંજુરી આપવામાં આવનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

# દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ઈમરજન્સી કીટ સાથે પાંચ મેડીકલ ઓફિસરોની ટીમ રહેશે

## ચોમાસાને લઈ જિલ્લા આરોગ્યતંત્રએ ખાસ કાર્ય યોજના તૈયાર કરી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં ચોમાસાની સિઝનને ધ્યાને રાખી આરોગ્ય માટે ખાસ કાર્યયોજના જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા તૈયાર કરવામાં આવી છે.

જિલ્લા આરોગ્ય તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દીઠ પાંચ મેડીકલ ઓફિસરોની એક ખાસ ટુકડી બનાવવામાં આવી છે. જે ઈમરજન્સી સેવાની ખાસ કીટ સાથે સુસજ્જ હશે.

જિલ્લામાં રોગચાળાની પરિસ્થિતિ ઉભી થાય તો તે માટે બે ખાસ રેપીડ રિસ્પોન્સ ટીમોની પણ રચના કરવામાં આવી છે. જે જિલ્લામથક પર સતત હાજર રહેશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં આરોગ્યની સેવાઓને લઈ એક ખાસ અલાયદો કંટ્રોલરૂમ પણ ઉભો કરવામાં આવ્યો છે.

વાહકજન્ય કે પાણીજન્ય રોગચાળો વકરે નહિ તે માટે દરેક આરોગ્ય કેન્દ્રોપર દવાઓનો પુરતો જથ્થો રાખવા માટેની પણ તાકીદ કરી દેવામાં આવી છે. ફરજ પરનુ હેડક્વાર્ટર છોડતાં પહેલાં જવાબદાર અધિકારીની પણ મંજૂરી લેવાની રહેશે.

જિલ્લામાં આરોગ્યલક્ષી સ્થિતિ પર તંત્ર દ્વારા ચાંપતી નજર રાખવા પણ તમામ તબીબી અધિકારીઓને સ્પષ્ટ સૂચનાઓ આપી દેવામાં આવી છે. તેમજ જરૂર પડે જિલ્લા કે તાલુકાના અધિકારીઓનું ધ્યાન પણ દોરવાનું રહેશે.

આ સૂત્રોએ જણાવ્યું છે કે પાણીના ક્લોરીનેશનની કામગીરી પર પણ ચાંપતી નજર રાખવી તેમજ ક્યાયં પણ લીકેજીસ દેખાય તો તાત્કાલિક પંચાયત સત્તાવાળાઓનું ધ્યાન દોરી અને પગલાં લેવડાવવાના રહેશે.

# જિલ્લામાં ૭૦ જળસંચયના કામો હાથ ધરાયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં જળસંચયના ૭૦ થી વધુ કામો ડાર્કઝોન હટાવાયા પછી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યા છે.

જળસંપત્તિ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાના ૨૪ તળાટો ઊંડા કરવા, ૧૯ જેટલા નવા કુવા બનાવવા તેમજ ૨૧ જેટલા કામોને સલામત તબક્કામાં મુકવાની બાબતનો આમાં સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે જે તળાવો ઊંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી જેમાં ગાંધીનગર તાલુકાના ૨, કલોલ તાલુકાના ૩, માણસાના ૧૯ તળાવ અને દહેગામના ૧૦ તળાવનો સમાવેશ થાય છે.

નવા કુવા બનાવવામાં આવ્યા છે તેમાં માણસામાં ૧૦, કલોલમાં ૫, ગાંધીનગરમાં ૪ અને દહેગામના ૨ કુવાનો સમાવેશ થાય છે.

